Made with Xodo PDF Reader and Editor

# કિસાન માધ્યમિક વિદ્યાલય,લુણાવાડા

## શ્રીમદ ભગવદ્ગીતા-જયંતી ઉજવણી

**પ્રસ્તાવના :-**ગીતા જયંતિની ઉત્પતિ પરંપરા અનુસાર, ભગવદ્ગીતા જયંતિ માર્ગશીર્ષ મહિનાના શુકલ એકાદશી પર ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવે છે.માન્યતા એવી છે કે ભગવદ્ગીતાનો જન્મ શ્રી ક્રષ્ણના મુખેથી કુરુક્ષેત્રના મેદાનમાં થયો હતો કળીયુગની શરૂઆતના ૩૦ વર્ષ પહેલા શ્રી કૃષ્ણે કુરૂક્ષેત્રના મેદાનમા અર્જુનને જે ઉપદેશ આપ્યો હતો તે શ્રીમદ્ ભગવદ્ગીતા તરીકે પ્રખ્યાત છે.

**પ્રવૃતિનો મુખ્ય હેતુ:**આ હરીફાઈ દ્વારા વિદ્યાર્થીઓમાં ગીતા પ્રત્યે રસ, પઠન-કૌશલ્ય અને માનસિક એકાગ્રતા જેવા ગુણોનો વિકાસ થાય. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક મૂલ્યો, શિસ્ત અને આત્મવિશ્વાસ વિકસાવવાનો હતો.

**પ્રવૃતિની માહિતી :-**અમારી શાળા કિસાન માધ્યમિક વિદ્યાલયમાં શ્રીમદ્ ભગવદ્ગીતા નિમિત્તે તા.2/12/2025 ના રોજ શ્રીમદ્ ભગવદ્ગીતાના કંઠસ્થ શ્ર્લોકોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાનો આરંભ પ્રાર્થના અને શ્રીમદ્ ભગવદ્ગીતાતાના પ્રથમ શ્ર્લોકના પઠનથી કરવામાં આવ્યો. પછી નિયમો સમજાવી વિદ્યાર્થીઓને તેમના ક્રમાંક મુજબ મંચ પર બોલાવવામાં આવ્યા. ભાગ લેનાર વિદ્યાર્થીઓએ વિવિધ અધ્યાયોમાંથી પસંદ કરેલા શ્ર્લોકનું શુધ્ધ ઉચ્ચારણ, અર્થસમજણ અને આત્મવિશ્વાસ સાથે કર્યા.મૂલ્યાંકન માટે ઉચ્ચારણની શુધ્ધતા ગતિ, ભાવ, અર્થની સમજ, આત્મવિશ્વાસ અને પૂર્ણતાને મુખ્ય આધાર રાખવામાં નિર્ણાયકમંડળે વિદ્યાર્થીઓની તૈયારી અને રજૂઆતની ઊંચી કસોટીને પ્રશંસનીય ગણાવી.

આ અંતે વિજેતાઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન પુરસ્કારો અપાયા. કાર્યક્રમના સંચાલન, આયોજન અને માર્ગદર્શન માટે શિક્ષકવૃંદે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. સમગ્ર કાર્યક્રમ કાર્યક્ષમ, શિસ્તબદ્ધ અને પ્રેરણાદાયી રીતે પાર પડ્યો.સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજેતા વિધાર્થીઓને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી

**સ્પર્ધા માટે ત્રણ વિજેતા વિધાર્થીઓના નામ**

પ્રથમ–પટેલ માર્સમનોજકુમાર

દ્વિતીય–બારીયા વિશ્વા હરીશભાઈ

Made with Xodo PDF Reader and Editor

**તૃતીય–ડામોર કાજલબેન ભુરાભાઈ**




